# ખોરજ ગામમાંથી બીજો કેસ મળતાં તાલુકાનું તંત્ર હરકતમાં આવ્યુ

**સોસાયટીનું ફ્યુમેગીશન કરાયા બાદ લોકડાઉનનું કડક અમલ કરવા તાકીદ કરાઈ : જીવન જરૂરી ચીજો-દૂધ-શાકભાજી મળે તે માટેનું પણ આયોજન કરાયુ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામમાંથી કોરોના પોઝીટીવનો બીજો કેસ મળી આવતાં જ જિલ્લા અને તાલુકા પંચાયતનું તંત્ર હરકતમાં આવ્યુ છે.

આજે બીજો કેસ પણ એ જ સોસાયટીમાંથી મળી આવ્યો છે. આ સાથે જિલ્લાના કેસોની સંખ્યા ૧૧ની થવા પામી છે. આજે મહિલા દર્દી મળી આવેલ છે જે બિલીંગની કામગીરી સાથે સંકળાયેલ છે.

ખોરજના આ બન્ને કેસ અમદાવાદ ખાતે દાખલ થયેલા છે. ગાંધીનગરમાં આ બે કેસ પણ લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયાનું સરકારે સ્પષ્ટ કર્યું છે.

આજે જિલ્લા વિકાસ અધિકારી રાવલની સૂચના મળતાં જ તાલુકા વિકાસ અધિકારી ધાંધલિયા, સરપંચ અને તલાટી તે સોસાયટીમાં ગયા હતા અને ફ્યુમીગેશનની તાબડતોબ કામગીરી હાથ ધરી હતી.

આ ટીમે સોસાયટીના તમામ લોકોને ઘરમાં જ રહેવાની કડક તાકીદ કરતાં જણાવ્યુ હતુ કે અમે સોસાયટીના સી.સી. ટીવી કેમેરાથી તમામ પરિવારોને વોચ કરીશુ અને લોકડાઉનનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

આ ટીમે સોસાયટીના તમામ રહીશોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ શાકભાજી તેમજ દૂધ પંચાયતની ટીમ દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે તેમ પણ જણાવ્યુ હતુ.

ટીમ દ્વારા સોસાયટીમાં લોકડાઉનનો અમલ થાય તે જોવા અડાલજ પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. દવાનો છંટકાવ કરી દેવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેર બાદ ગાંધીનગર તાલુકાની હદના છેલ્લા ગામ ખોરજમાંથી બે કેસ મળી આવતાં ગ્રામ્ય વિસ્તારનાં લોકોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે.



લાંબી કતાર... - શહેરના પાદરમાં ભાટ સ્થિત મધર ડેરીમાં દૂધની ટેન્કરોની લાંબી લાઈન લાગી હતી... ટેન્કર ડ્રાઈવરો પણ મુંઝવણ અનુભવતા પણ જોવા મળ્યા હતા. જોકે સત્તાવાહકોએ ઝડપી કાર્યવાહી કરતા સૌને સંતોષ થયો હતો...

# શહેરમાં બે દિવસમાં ૨૫૦ વ્યક્તીઓએ સેલ્ફ ડેકલેરેશન કર્યું

**વધુ ૮૬ નાગરિકોએ મંગળવારે ૧૫મી માર્ચ પછી આવ્યાનું જાહેર કર્યુ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં પંદરમી માર્ચ પછી આવેલા ૮૬ લોકોએ આજે સેલ્ફ ડેકલેરેશન કર્યુ છે. મનપા દ્વારા છેલ્લા બે દિવસથી આ અંગે જાહેરનામુ પ્રસિદ્ધ કરી આ તારીખ પછી નગરમાં આવેલ વ્યક્તીઓ જે આંતર જિલ્લા, આંતર રાજ્ય કે વિદેશથી આવી હોય તેમને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ચાલુ હોવાથી સેલ્ફ ડેકલેરેશન કરવા જણાવ્યુ હતુ.

ગઈકાલે ૧૬૩ જેટલા લોકોએ આ સેલ્ફ ડેકલેરેશન કર્યુ હતુ આજે વધુ ૮૬ લોકોએ સેલ્ફ ડેકલેરેશન કર્યુ છે. આમ બે દિવસમાં જ ૨૫૦ જેટલા લોકોએ સેલ્ફ ડેકલેરેશન કરતાં તંત્રની ટીમો દ્વારા તેમને હેલ્થ સર્વે હેઠળ આવરી લેવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૩૯ લોકોએ આજે ફોન કરી, પાંચ લોકોએ ટેક્સ મેસેજથી, ૧૧ લોકોએ વ્હોટસએપ પર મેસેજ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિદ હોસ્પિટલમાં તબદીલ કરવાની કવાયત

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ૫૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનાવવાની કવાયત તેજ કરવામાં આવી છે.

આજે રાજયના મુખ્ય અધિક સચિવ પંકજકુમાર, જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, સિવિલના સત્તાધિકારીઓ તેમજ પી.આઈ.યુ.ના અધિકારીઓ વચ્ચે ખાસ બેઠક યોજાઈ હતી એટલુ જ નહિ આ માટે અધિક મુખ્ય સચિવ પંકજકુમાર અને જિલ્લા કલેક્ટરે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી.

**અધિક મુખ્ય સચિવ પંકજકુમારે આજે કલેક્ટર સાથે હોસ્પિટલની મુલાકાત લીધી તેમજ પી.આઈ.યુ.ના સત્તાવાળાઓને પણ હાજર રાખી જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યુ**

અમદાવાદમાં જે રીતે ૧૨૦૦ બેડની સુવિધા સાથેની કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવી છે તે જ પેટર્ન પર આ હોસ્પિટલને પણ કોવિડ-૧૯ની હોસ્પિટલ બનાવવામાં આવશે.

મળતી વિગતો મુજબ કોરોનાના પેશન્ટોની અવર-જવર પણ એક તરફથી જ રહે તે વાતનો ખ્યાલ રાખવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૮૦૦ બેડની સુવિધા છે. અહિ બે વોર્ડ કોરોના માટે તૈયાર કરવામાં આવેલા છે. હાલ અહિ ૧૦ જેટલા લોકો સારવાર હેઠળ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ટીમ અમદાવાદની ૧૨૦૦ બેડની હોસ્પિટલની મુલાકાત માટે પણ જવાની હોવાનું જાણવા મળેલ છે એટલુ જ નહિ સ્ટાફ માટેની પેટર્ન પણ ત્યાં કઈ રીતે છે તે વિશે પણ અભ્યાસ કરવામાં આવશે એટલુ જ નહિ જરૂર પડ્યે અહિં ભરતી માટેની પ્રક્રિયા પણ આગામી બે-ત્રણ દિવસમાં હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાની બેડ વધારવા માટે રાજ્યના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે આ જિલ્લાની બીજી વખત મુલાકાત લીધી છે. તેમણે પહેલાં ૨૫૦ બેડની વાત કરી હતી પરંતુ હવે આખી કોવિડ હોસ્પિટલ જ ઉભી કરવા માટેની જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ આપ્યુ છે.

# વેડા-વડસરના આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરાયા

**આ બે કેન્દ્રો પર નિયમિત સેવાઓ પણ ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા વેડા અને વડસરના આરોગ્ય કેન્દ્રોની સેવાઓ સ્થગિત કરાયા બાદ આજે તેને અન્ય સ્થાન પર કાર્યાન્વીત કરી દેવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યુ હતુ કે આ બન્ને કેન્દ્રોમાં પહેલા ફોગીંગ કરવામાં આવ્યુ હતુ. આ પછી હવે સેનીટાઈઝેશન પણ કરી દેવામાં આવશે. લોકોને આરોગ્યની સેવાઓ ઝડપથી અને સમયસર મળી રહે તે માટે હાલ વૈકલ્પિક સ્થાનો પર આ કેન્દ્રો શરૂ કરાયા છે. તેમણે જણાવ્યુ હતુ કે આ બે કેન્દ્રો પર નિયમિત સેવાઓ પણ ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## કોરોના અંગે ૨૧એ ફોન કરી જાણકારી મેળવી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોરોના વાયરસને લઈ શરૂ કરાયેલ કંટ્રોલરૂમ પર આજે ૨૧ લોકોએ ફોન કરી અને આ વાયરસ અંગેના લક્ષણો સહિતની વિવિધ જાણકારી આ રોગ માટે મેળવી હતી. મનપા દ્વારા સવારે નવથી એક વાગ્યા સુધી આ ફોન પર આ રોગ અંગેની વિગતો અને જાણકારી આપવાનો નિર્ણય સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત લેવામાં આવ્યો હતો. બે દિવસથી આ સુવિધાનો આરંભ કરવામાં આવ્યો છે. આજે આ સર્વિસને પ્રતિસાદ સારો મળ્યો છે.

# શહેરમાં બે દિવસમાં વધુ ૪૨ને ક્વોરોન્ટાઈનમાં મુકાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે મનપા દ્વારા ઉભા કરાયેલ ત્રણ ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં આજે વધુ ત્રણ વ્યક્તીઓને રાખવામાં આવ્યા છે.

ગઈકાલે આ ફેસીલીટી સેન્ટરમાં ૧૭ લોકોને ક્વોરોન્ટાઈન કરાયા હતા જે આજે આ સંખ્યા વધીને ૨૦ થઈ છે.

ગાંધીનગર શહેરમાં હોમ ક્વોરોન્ટાઈન કરાયેલ વ્યક્તીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ગઈકાલ સુધી ૧૮૮ લોકો હોમ ક્વોરોન્ટાઈન હતા જે આજે વધીને ૨૨૭ થયા છે.

આમ વધુ ૩૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરાયા છે. ફેસીલીટી સેન્ટરમાં ૨૦ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. બે દિવસમાં ૪૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યની સુવિધાની સમીક્ષા કરતા ડી.ડી.ઓ.

**ક્વોરોન્ટાઈન થયેલા આરોગ્યના ૧૫ થી વધુ કર્મયોગીઓ સાથે ટેલિફોનિક વાત કરી**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે જિલ્લામાં કોરોના વાયરસ અંગેની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે આરોગ્યના તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ હતુ. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં દવા છંટકાવની ચાલી રહેલી કામગીરી અંગેની વિગતો પણ મેળવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ માણસા તાલુકાના તમામ મેડીકલ ઓફિસરો સાથે વાત કરી હતી અને વિસ્તૃત જાણકારી મેળવી હતી.

તેમણે તાલુકાવાર મુકવામાં આવેલ નોડલ ઓફિસરો પાસેથી ગ્રામ્ય વિસ્તારમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લોકોને સરળતાથી ઉપલબ્ધ થાય તે જોવા ખાસ સૂચનાઓ દોહરાવી હતી. રેશનીંગ દુકાનો પર કાલથી અનાજ વિતરણ શરૂ થવાનું છે ત્યારે સોશ્યલ ડિસ્ટન્ટ જળવાઈ રહે તે જોવા પણ જણાવ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીએ માણસા આરોગ્ય તંત્રના જે કર્મયોગીઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે તે પૈકી ઘણા બધા સાથે ટેલિફોનિક વાતચીત કરી ઝડપથી તે બધા સાજા થઈ જાય તેવી શુભકામના આપી હતી. તેમણે કોઈપણ જાતની તકલીફ હોય તો તાત્કાલિક તેમનું ધ્યાન દોરવા માટે જણાવ્યુ હતુ.



## મનપા દ્વારા શહેરના ૬ સેક્ટરોમાં સેનેટાઈઝેશન કરાયુ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સેનેટાઈઝેશનની કામગીરી ઝડપી બનાવવામાં આવી છે. મનપાએ ગઈકાલે આ અંગેનો કાર્યક્રમ જારી કર્યો હતો અને ૪ દિવસમાં સમગ્ર શહેરમાં દવાનો છંટકાવ કરવામાં આવશે તેમ કહ્યુ હતુ. આજે ફાયરબ્રિગેડની ટીમની મદદથી સે. ૪, ૮, ૯, ૨૩, ૨૪, ૨૫ના માર્ગોને સેનીટાઈઝ કરવામાં આવ્યા હતા. સોડિયમ હાઈડ્રો ફલોરાઈડ દવાનો છંટકાવ કરી અને શહેરમાં કોરોના વાયરસને નાથવાનો પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ અગાઉ ઘણી બધી જાહેર જગ્યાઓ પર આ દવાનો છંટકાવ કરી અને સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. શહેરની વિવિધ કચેરીઓમાં પણ સેનેટાઈઝેશન કરવામાં આવેલ છે.

# આજે વિડીયો કોન્ફરન્સથી રાજ્ય મંત્રીમંડળની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણને લઈ આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક વિડીયો કોન્ફરન્સથી યોજાશે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો કોરોના વાયરસ કોવિડ-૧૯ની પ્રવર્તમાન સ્થિતિમાં આ મહત્વપૂર્ણ નિર્ણય દેશભરના રાજ્યોમાં પહેલરૂપ અભિગમ સાથે લીધો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મંત્રીમંડળના સભ્યો સાથે જોડાશે. રાજયના મંત્રીઓ પોતાના જિલ્લાની કલેક્ટર કચેરીમાં હાજર રહી મુખ્યમંત્રી સાથે વિડીયો કોન્ફરન્સમાં જોડાશે.

વિજયભાઈ રૂપાણીના ટેકનોસેવી અભિગમ અને ટેકનોલોજીનો સરકારમાં મહત્તમ વિનિયોગના દષ્ટિવંત આયોજનમાં કેબિનેટ બેઠક આધુનિક કોમ્યુનિકેશન વિડીયો કોન્ફરન્સથી પ્રથમવાર યોજાઈ રહી છે.

રાજયની સ્થાપના થયા પછી પહેલીવાર આ રીતે કેબિનેટ બેઠક થવા જઈ રહી છે. કુદરતી આપદાના સમયમાં પણ મંત્રીમંડળની બેઠક સચિવાલય ખાતે જ મળતી હોય છે પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાને રાખી જિલ્લાઓમાં મંત્રીઓ રહી અને લોકોનું વધુ ધ્યાન રાખે તે જરૂરી જણાતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કચ્છમાં ભૂકંપની ઘટના વખતે સરકાર દ્વારા સેટેલાઈટ ફોનના માધ્યમથી જિલ્લા તંત્રોને સતત માર્ગદર્શન આપતી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવતી હતી જે નોંધનીય છે.

# પાવર ફાઈનાન્સ દ્વારા ૨૦૦ કરોડની સહાય

ગાંધીનગર, તા. ૩૧

દેશના વીજ ક્ષેત્રમાં અગ્રણી એનબીએફસી પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (પીએફસી)એ કોવિડ-૧૯ સામેની લડાઈને ટેકો આપવા પ્રધાનમંત્રી મિનિસ્ટર્સ સિટિઝન આસિસ્ટન્સ એન્ડ રીલિફ ઈન ઈમરજન્સી સિચ્યુએશન્સ ફંડમાં રૂ. ૨૦૦ કરોડનું પ્રદાન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. કોરોના સામેના જંગમાં હાલ દેશ અને દુનિયામાંથી પીએમ રિલીફ ફંડમાં દાન અને આર્થિક સહયોગનો ધોધ વહી રહ્યો છે ત્યારે વધુ અગ્રણી વીજકંપની પાવર ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા રૂ.૨૦૦ કરોડના જંગી દાનની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત પીએફસીના કર્મચારીઓ પણ સ્વૈચ્છિક રીતે પીએમ-કેર્સ ફંડમાં એક દિવસનો પગાર આપશે, જેથી જીવલેણ વાયરસ સામે દેશની લડાઈ વધારે મજબૂત થશે. અગાઉ પીએફસી રાજસ્થાનમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીને રૂ. ૫૦ લાખની નાણાકીય સહાય પ્રદાન કરવા સંમત થઈ હતી.

# વધુ ભાવ લેનાર વેપારીઓ સામે કઠોર કાર્યવાહી કરાશે

**સસ્તા અનાજની દુકાનો પર આજતી બંદોબસ્ત : પોલીસને માનવીય અભિગમો રાખીને કામગીરીની જરૂર**

ગાંધીનગર,તા. ૩૧

આવતીકાલે તા.૧લી એપ્રિલથી રાજયભરની ૧૭ હજારથી વધુ સસ્તા અનાજની દુકાનો પરથી ગરીબ પરિવારો અને શ્રમિકોને વિનામૂલ્યે અનાજ અને પુરવઠા વિતરણ હાથ ધરાવાનું છે ત્યારે આવી સસ્તા અનાજની દુકાનો પર આવતીકાલથી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને પેટ્રોલીંગ તૈનાત કરાશે એમ રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ જણાવ્યું હતું. રાજયભરમાં કોરોનાના કહેર અને લોકડાઉનની સ્થિતિ વચ્ચે કેટલાક વેપારીઓ કરિયાણાં અને આવશ્યક ચીજવસ્તુઓના વધુ ભાવો વસૂલી પ્રજાને લૂંટાતી હોવાની ફરિયાદો મળતાં ડીજીપીએ આ અંગે સાફ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, કટોકટીના સમયમાં લોકો પાસેથી વધુ ભાવો લેનારા વેપારીઓ વિરૂધ્ધ આકરી કાર્યવાહી કરવામાં આવશે. તેમણે રાજયના પ્રજાજનોને ફરી એકવાર ઘરોમાં જ રહેવા અને લોકડાઉનનું ચુસ્ત પાલન કરવામાં પોલીસને સહયોગ આપવાની અપીલ કરતાં ડીજીપી શિવાનંદ ઝાએ જણાવ્યું કે, લોકડાઉન કોરોનાની વૈશ્વિક મહામારીથી બચવાનો સરળ અને સીધો ઉપાય છે. કૃષ્ણનગર પીઆઈ વી.આર. ચૌધરીને કૃષ્ણનગર ઉત્તમ નગર કેનાલ પાસે નિર્દોષ શાકભાજીની લારીઓ ઉંધી પાડી દેવાના બનાવની ગંભીર નોંધ લઈ ડીજીપી ઝાએ સ્પષ્ટ કર્યું હતું કે, પોલીસને વર્દી મળી ગઈ તેનો મતલબ એ નથી કે, ગમે ત્યાં દાદાગીરી કરતા ફરે. લોકડાઉનના આ સમયમાં પોલીસે પણ માનવીય અભિગમ અપનાવી સંયમ સાથે ફરજ નિભાવવાની રહેશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com